| ગાંધીનગર તાપમાન | |
|---|---|
| મહત્તમ | ૩૭.૬ ડીગ્રી |
| લઘુતમ | ૨૪.૪ ડીગ્રી |
| ભેજ | સવારે ૫૨ ટકા ● સાંજે ૨૮ ટકા |

# આજે શહેરમાં રન ફોર વૉટર અવેરનેસ યોજાશે

## કોમનવેલ્થ ગેમ્સ ફેઈમ લજ્જા ગોસ્વામી અને રેડિયો જોકી આરજે હર્ષિલ દોડને ઝીઝી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં લોકસભાની ચૂંટણીઓના દુદુભિં ગૂંજવા લાગ્યા છે અને લોકશાહીના આ પર્વમાં તમામ મતદારો જોડાઈ ઉત્સાહપૂર્વક મતદાન કરે તે માટે ચુંટણી પંચ દ્વારા મતદાતા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત 'રન ફોર વૉટર અવેરનેસ'નું તા. ૧૬મી એપ્રિલ મંગળવારે સવારે ૬ કલાકે કરવામાં આવ્યું છે. ગાંધીનગરના હાર્દસમા સેન્ટ્રલ વિસ્ટા પાર્ક ખાતે યોજાનાર 'રન ફૉર વૉટર અવેરનેસ'માં ગુજરાતના યુવા શુટર લજ્જા ગોસ્વામી અને આરજે હર્ષિલ ઉપસ્થિત રહેશે. આ દોડમાં આંદાજે ૫ હજાર દોડવીરો જોડાશે.

'દેશનો મહા તહેવાર' તરીકે ચૂંટણી પંચ દ્વારા ઉજવવામાં આવી રહ્યો છે. પરંતુ અનેક મતદારો પોતાના મતાધિકારની તાકાત અંગે શંકાશીલ હોય છે અથવા અજાણ હોય છે જેને કારણે મતદાન પ્રત્યે નિરુત્સાહી જોવા મળે છે. આ ચુંટણીઓમાં તમામ મતદાતાઓ પોતાના મતાધિકાર પ્રત્યે જાગૃત થઈ ૧૦૦ ટકા મતદાન કરે જેથી એક સંપૂર્ણ લોકશાહી પધ્ધતિથી ચુંટાયેલી સરકાર રચાય તેવા ઉદ્દેશ સાથે મતદારોને જાગત કરવા ચુંટણી પંચે કમર કસી છે. આ માટે ગાંધીનગરના મહાત્મા મંદિર પાસેના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે આવતીકાલે સવારે ૬ કલાકે મતદાતા જાગૃતિ માટેની દોડ 'રન ફોર વૉટર અવેરનેસ'નું આયોજન કરાયું છે. આ પ્રસંગે ચૂંટણીપંચના ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર અને કોમનવેલ્થ ગેમ્સમાં શુટીંગમાં બ્રોન્ઝ મેડલ જીતી દેશનું નામ રોશન કરનાર યુવા ખેલાડી લજ્જા ગોસ્વામી તથા યુવાનોમાં લોકપ્રિય એવા રેડિયોસીટીના આરજે હર્ષિલ જેઓ રેડિયો બ્રાન્ડ એમ્બેસેડર છે તેઓ પણ ઉપસ્થિત રહેશે. રન ફોર વૉટર અવેરનેસમાં ભાગ લેવા માટે ચુંટણી પંચ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા રાખવામાં આવી છે. આ દોડમાં આંદાજે પાંચેક હજાર જેટલા દોડવીરો જોડાશે.

### રન ફોર વૉટર અવેરનેસનો રૂટ

રન ફોર વૉટર અવેરનેસનો પ્રારંભ સવારે ૬ કલાકે મહાત્મા મંદિરના ગેટ નં. ૫ ખાતેથી થશેજે ઘ-૪ સર્કલથી વિધાનસભા સામે થઈને બીએસએનએલ ઓફિસથી બૅંક ઓફ બરોડા સામે થઈને પ્રારંભ સ્થળે પરત ફરશે. દોડવીરો માટે ચુંટણી પંચ દ્વારા ઠંડા પાણી-કેપ તથા રિફ્રેશમેન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે.



આર્શીવાદ ફાઉન્ડેશન, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, એચ.સી.જી. હોસ્પિટલ અને હેલ્થ અને ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે ખોરજ ખાતે સુપર સ્પેશ્યાલીટી ચેક અપ કેમ્પ યોજાયો હતો. જેમાં કુલ ૪૪૫ દર્દીઓનું ચેકઅપ કરવામાં આવ્યું હતું.

## કોલવડા ગામે વરલી મટકાનો જુગાર રમતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે વરલી મટકાનો જુગાર રમતા બે ઈસમોને પોલીસે પકડી લીધા છે. પોલીસે કોલવડા પટેલ ભાગોળ ખાતે રેઈડ પાડી રૂ.૫૩૦૦ અને મોબાઈલ મળી કુલ રૂ. ૯૩૦૦ ના મુદ્દામાલ સાથે બે શખ્સોને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પોલીસે બાતમીને આધારે રવિવારના રોજ કોલવડા પટેલ ખાતે રેઈડ પાડીને રાજુ સરદારસિંહ લુહાર (નિશાળવાળો વાસ) વરલી મટકાનો જુગાર રમાડતો ઝડપાઈ ગયો હતો. તેની પાસેથી પોલીસને વરલી મટકાનું સાહિત્ય તેમજ રોકડા રૂ.૩૪૭૦ જપ્ત કરીતેની સામે જુગારધારા હેઠળ ગુનો નોધાયો હતો. જયારે શનિવારના રોજ પોલીસે કોલવડા પટેલ ભાગોળ ખાતે જ રેડ કરીને ભીખા હીરાજી ઠાકોરને વરલી મટકાના સાહિત્ય તેમજ રોકડા રૂ.૫૩૦૦ અને મોબાઈલ મળી કુલ રૂ. ૯૩૦૦ ના મુદ્દામાલ સાથે દબોચી લીધો હતો. આરોપી આદરજ ગામના જીતુ ઠાકોર નામના શખ્સને કટીંગ આપતો હોવાનું ખુલતા પોલીસે બંન્ને વિરુધ્ધ જુગારધાર હેઠળ ગુનો નોંધીને જીતુને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.




ગાંધીનગર સ્થિત ચાણકય કિડસ સ્કૂલ દ્વારા વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ હર્ષોલ્લાસથી ભાગ લીધો હતો.

# સે-૨૦ રોયલ ફર્નીસીંગ દુકાનમાં આગ ભભુકી



ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં ઉનાળાના પ્રારંભે જ ફાયરબ્રિગેડની કામગીરી વધી જવા પામી છે. શહેરમાં ઉનાળામાં શોર્ટ સર્કિટને પગલે આગ લાવવાના કિસ્સા વધુ જોવા મળી રહ્યા છે. ત્યારે આજે બપોરના સુમારે સેકટર-૨૦ ખાતે આવેલ રોયલ ફર્નીસીગની દુકાનમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગની જવાળાઓમાં સ્કુલબેગ, લગેજ બેગ સહિત દુકાનનું રાચરચીલુ ફર્નીચર બળીને ખાક થઈ ગયું હતું. આગની જાણ તાત્કાલીક ફાયર બ્રિગેડને થતા ઘટના સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી ગણતરીની મીનીટમાં આગ પર કાબુ મેળવી લીધો હતો.

પાપ્ત માહીતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૦ પ્લોટ નં. ૨૯૪ પ્રમુખ એપાર્ટમેન્ટ ખાતે વેદ કાપડીયાની રોયલ ફર્નીસીંગ નામની દુકાન આવેલી છે. જેમાં સ્કુલબેગ, લગેજબેગ સહિતની ચીજવસ્તુઓનું વેચાણ થાય છે. સોમવારના દિવસે માર્કેટ બંધ રહેતુ હોવાથી દુકાન બંધ હતી. પરંતુ બપોરના સવા ત્રણ વાગ્યાની આસપાસ દુકાનમાંથી આગના ધુમાડા નીકળતા દેખાતા આજુબાજુના વેપારીઓએ તાત્કાલીક દુકાન માલિકને અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. દુકાનમાં આગ લાગી હોવાની વાત મળતા જ તાત્કાલીક દુકાન માલીક આવી પહોચ્યા હતા અને દુકાન ખોલી હતી. ત્યારે ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ અને તેમની ટીમના સભ્યો આવી પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.જો કે આગમાં અંદાજીત એક લાખનો સામાન બળીને સ્વાહા થઈ ગયો હોવાનું દુકાન માલિકનું કહેવું છે. આગમાં સ્કુલબેગ અને લગેજ બેગ, દુકાનનું ફર્નીચર સહિતને નુકશાન થવા પામ્યું છે. ફાયરના પ્રાથમિક તારણમાં દુકાનમાં આગ શોર્ટ સર્કીટથી લાગી હોય તેમ લાગી રહ્યું છે.



## સરગાસણમાં સટ્ટો રમતા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સરગાસણ સાર્થક મોલની સામેથી ખુલ્લી જગ્યામાં આઈપીએલની મેચ પર સટ્ટો રમતા બે શખ્સોને સેકટર-૭ પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે પકડાયેલા બંન્ને શખ્સો પાસેથી રૂ. ૪૮,૦૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી કુલ ૮ ઈસમો સામે જુગારધારનો ગુનો નોધી તેઓને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૭ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ ડી.એસ.રાઓલના માર્ગદર્શનમાં તેમની ટીમ પેટ્રોલીંગમા હતી. તે સમયે પોલીસના જવાનોને બાતમી મળી હતી કે સરગાસણ સાર્થક મોલની સામે આઈપીએલ મેચ પર સટ્ટો રમાઈ રહ્યો છે. જેને પગલે ડી સ્ટાફના જવાનોએ રેઈડ પાડતા સાર્થક મોલની સામે ખુલ્લી જગ્યામાં બાંધેલી તાડપત્રીની નીચે ખુરશીઓમાં બેસીને સટ્ટો રમતા અને રમાડતા બે શખ્સો ઝડપાયા હતા. પકડાયેલા બે શખ્સોમાં પરાગકુમાર ગણપતભાઈ ઉર્ફે શરદચંદ્ર પટેલ (રહે.સરગાસણ દેવ શરણમ એપાર્ટમેન્ટ, મુળ કોલવડા પટેલ ભાગોળ), તેમજ પી.વી.ભ્રમટટ રહે. સરગાસણનો સમાવેશ થાય છે. બંનેમાંથી એક ઈસમ મોબાઈલમાં વોટસએપ પર ગ્રાહકોના નામ સામે રન લખતો હતો અને બીજો ક્રિકેટ લાઈવ લાઈન એપ્લિકેશનમાં ચેન્નઈ સુપરસિંગ વર્સિસ કોલકાતા નાઈટ રાઈડર્સમાં રન જોઈને વોટ્સએપમાં બીજા શખ્સને આપતો હતો. પોલીસે બંન્ને પાસેથી બે મોબાઈલ અને રોકડા રૂ. ૩૮૦૮૦ હજાર મળી કુલ ૪૮,૦૮૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે પકડાયેલા બંને શખ્સો અને ૬ શખ્સો સામે નામ અને નંબરના આધારે ગુનોં નોધ્યો છે. જેમાં જયેશ, નિલેશ અમિત, સુનિલ, કિરપાલસિંહ, સુકેતુ, પ્રતિક અને પરાગ નામના યુવકોના નામ અને નંબર હાથ લાગ્યા છે. તેઓ ગાંધીનગરના રહેવાસી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ ૬ શખ્સો હાલ વોન્ટેડ છે અને ટુંક જ સમયમાં પોલીસ તેમના સુધી પહોંચી જશે તે નક્કી છે. ત્યારે પોલીસે હાલ વોન્ટેડ ને પકડી પાડવા માટે કમરકસી રહી છે.




રવિવારે સમગ્ર ગાંધીનગરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મજયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેરના સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલને રંગબેરંગી રોશનીથી સજાવવામાં આવ્યો હતો. સાંજ ઢળતા જ આ રોશનીથી ઝગમગાટના કારણે ઉભા થયેલા સુંદર દશ્યને નિહાળવા આસપાસના વિસ્તારના નાગરિકો ઉમટી પડયા હતા.

## પેથાપુર ચોકડી પરથી વિજીલન્સની ટીમે વિદેશી દારૂ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરને અડીને આવેલી પેથાપુર ચાર રસ્તા પાસેથી સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા વિદેશી દારૂનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. વિજાપુર-ગાંધીનગર માર્ગ પર કારમાં લઈ જવાતી વિદેશી દારૂની ૩૫૮ બોટલ સાથે બે નાગરીકો પકડાઈ ગયા પછી ડીજી વિજીલન્સની ટીમે દારૂ મંગાવનાર મહિલા સહિત સુલ ૭ નાગરીકો સામે ફરીયાદ થઈ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલને મળેલી બાતમીને આધારે શનિવારના મોડી સાંજે પેથાપુર ચાર રસ્તા પાસેથી વિદેશી દારુનો જથ્થો લઈને પસાર થઈ રહેલી કારને પોલીસે પકડી લીધી હતી. પોલીસે ગાડીમાં ચેક કરતા રૂ.૧,૧૪,૫૬૦ની કિંમતનો ૩૫૮ નંગ વિદેશી દારૂની બોટલો અને રૂ.૧૧,૮૦૦ ની કિંમતના બીયરના નંગ- ૧૧૮ ટીન મળી આવ્યા હતા. પોલીસે દારૂના જથ્થા સાથે દાણીલમીડાના બે નાગરીકો યાસિન ઉર્ફે ટીટી ઈબ્રાહમભાઈ કુરેશી (રહે. રહેમતી મહોલ્લા, અલ્લાનગર) તેમજ શાહરૂખખાન ફીરોઝખાન પઠાણ રહે.મેમણ સોસાયટી ને પકડી પાડ્યા હતા. જયારે પાંચ વોન્ટેડ આરોપીઓમાં દારૂ મંગાવનાર નસીમબાનુ રહે.બરફની ફેકટરી પાસે ફતેવાડી જુહાપુરા, મુખ્ય સુત્રધાર રાજસ્થાનની માલ મેળવનાર સલીમ ઉર્ફે તોતા સકીલભાઈ અંસારી રહે. રામોલ જનતાનગર, દારુ ભરેલી કારનુ પાયલોટીગ કરનાર અઝહર ઉર્ફે અજ્જુ સઈદભાઈ અંસારી, તેમજ દારુનો જથ્થો પુરો પાડનાર શખ્સ વોન્ટેડ છે. પોલીસે દારૂનો જથ્થો દારૂનો જથ્થો રૂ.૪લાખની કિંમતની સ્વીફટ કાર, ત્રણ મોબાઈલ, રોકડા રૂ.૨૦૦ મળી કુલ રૂ.૫,૨૯,૫૬૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## નવી બિલ્ડીંગના ઈલેકટ્રીક રૂમમાં પાણી ભરાઈ જતા વોર્ડ ખસેડાશે









ગાંધીનગર, તા.૧૫

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં સમસ્યાઓ શમવાનું નામ લેતી નથી. સિવિલ કેમ્પસમાં મેડીકલ કોલેજને પગલે પાંચ માળની ઓપીડી અને આઠ માળની નવી ઈમારત કરોડો રૂપીયાના ખર્ચે ઉભી કરવામાં આવી છે. તેમ છતા છતમાંથી પાણી કેટલાક વિભાગમાં સતત ટપકી રહ્યું હતું. સિવિલના ઓપરેશન થિયેટરમાં પણ પાણી ટપકવાનો પગલે કેટલાક સમય બંધ રાખવાની ફરજ પડી છે. ત્યારે લીફટમાં પાણી ભરાઈ જવાની સમસ્યા જુની છે. લીફટમાંથી પાણી ઉલેચવાનો સિલસિલો અટકયો નથી ત્યારે સિવિલના ગ્રાઉન્ડ ફલોર પર આવેલા ઈલેકટ્રીક રૂમમાં પાણી ભરાઈ જતા શોર્ટસર્કિટની દહેશત ઉભી થવા પામી છે. ૬૦૦ બેડની હોસ્પિટલમાં કોઈ હોનારત ના સર્જાય તે માટે આગોતરા પગલાના ભાગરુપે આવતીકાલે એક વીંગમાં વીજપુરવઠો બંધ કરીનો રીપેરીંગ કામ હાથ ધરવામાં આવશે. જેનો પગલે વોર્ડનો બીજા વિભાગમાં ફેરવવાની કામગીરી યુધ્ધના ધોરણે આરંભી દેવામાં આવી છે.

પાટનગરમાં મેડીકલ કોલેજનો પગલે કેમ્પસમાં પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈન્ડોર ઈમારત કરોડો રૂપીયાના ખર્ચે ઉભી કરવામાં આવી છે. આધુનિક વોર્ડમાં દર્દીઓનો આરોગ્યલક્ષી સારવારમાં પણ વધારો થવા પામ્યો છે. પરંતુ નવી બિલ્ડીંગની છતમાંથી પાણી ટપકવાનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. સિવિલના કેટલાક વોર્ડમાં ટપકતા પાણીને પગલે વોર્ડમાં ડોલ મુકવાની ફરજ પડે છે. પાણીની સમસ્યાનો પગલે સર્જીકલ ઓટી અને લીફટ પણ કેટલીકવાર બંધ રાખવાની ફરજ પડી છે. ત્યારે કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલું બિલ્ડીંગના રૂપીયા પાણીમાં ગયા હોય તેમ લાગી રહ્યું છે. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ નવી બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોર પર આવેલ લીફટની સાથે સાથે ઈલેકટ્રીક રૂમમાં પણ પાણી ભરાઈ જાય છે. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગ્રાઉન્ડ ફલોર પર વધુ પડતુ પાણી ભરાઈ જાય તો શોર્ટસર્કિટની દહેશત વર્તાઈ રહી છે. ત્યારે કોઈ દુર્ઘટના ના સર્જાય તે માટે તાત્કાલીક અસરથી આ પાણીનો ફોલ્ટ શોધીને તેને રીપેરીંગ કરવા માટે ઉચ્ચકક્ષાએથી આદેશ મળી જતા યુદ્ધના ધોરણે કામગીરી શરુ કરી દેવામાં આવી છે. આ અંગે સિવિલના સત્તાધિશોને પુછતા તેઓએ કહ્યું હતું કે દર્દીના હિતને ધ્યાનો રાખીનો કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે આ પાણી કયાંથી આવે છે તેનો ઉકેલ શોધીને રીપેરીંગ કરવામાં આવશે. જેને પગલે નવી બિલ્ડીંગમાં એક બાજુની વિંગનો વિજપુરવઠો બંધ કરી દેવામાં આવશે અને વોર્ડને અન્ય સામેની બાજુએ ખસેડાશે. આ ફેરફારમાં અંદાજીત ૪૦૦ જેટલા દર્દીઓને ખસેડવામાં આવશે. તો બીજીતરફ ખાસ ડિઝાસ્ટર વોર્ડ પણ ઉભો કરવામાં આવનાર છે.